

## કુડાસણ ખાતે પુસ્તકો ભરેલી ટ્રક પલ્ટી ખાઈ ગઈ

ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળના ટ્રકમાં અમદાવાદના પ્રીન્ટીંગ પ્રેસમાંથી તૈયાર થઈ ગયેલા પુસ્તકોનો જથ્થો ભરીને ગાંધીનગર સ્થિત ગોડાઉનમાં લવાઈ રહ્યો હતો તે દરમિયાન આજે સવારે અચાનક ટ્રક કોબા-ગાંધીનગર હાઈવે પર કુડાસણ પાસે પલ્ટી ખાઈ ગયો હતો. સદભાગ્યે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજા કે જાનહાનિ થવા પામી નથી. રસ્તા વચ્ચે અચાનક કોઈ વાહન આડે આવી જતા ટ્રક ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

### રીલાયન્સ ચોકડી નજીક

# બાઈકચાલક યુવાનના માથા પરથી લકઝરીનું ટાયર ફરી વળ્યુ

## બેફામ જતી લકઝરીએ બાઈકને અડફેટે લઈ, ઉછળીને પટકાયેલા યુવાનને ચગદી નાંખ્યો : લકઝરી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટની દિવાલમાં ઘુસી ગઈ : ડ્રાઈવર ફરાર

ગાંધીનગર, તા. ૨

ઈન્ફોસીટી નજીક રીલાયન્સ સર્કલ પાસેથી આજે સવારે બેફામ ગતિએ જતી લકઝરીએ બાઈક લઈને નિકળેલા ધોળાકુવા ગામના યુવાનને અડફેટે લઈ લેતા યુવાન ફંગોળાઈને રસ્તા પર પટકાયો હતો ને લકઝરીનું ટાયર તેના માથા ઉપરથી ફરી વળ્યુ હતુ. બાઈકચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. જ્યારે અકસ્માત બાદ લકઝરી સર્કલ પાસેની ધિરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટની દિવાલમાં ઘુસી ગઈ હતી અને ડ્રાઈવર રફુચક્કર થઈ ગયો હતો. ઈન્ફોસીટી પોલીસે લકઝરીચાલક સામે ગુનો દાખલ કરી ઘટનાની ઊંડી તપાસ હાથ ધરી આરોપીની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ખાતે મહિલા સુરક્ષા હેલ્પલાઈનમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો ગાંધીનગર નજીકના ધોળાકુવા ગામનો યુવાન લક્ષ્મણ મસારજી મારવાડી આજે સવારે તેનુ બાઈક નં. જીજે.૧૮. ટીવાય. ૮૦૨૮ લઈને ઘરેથી મહેમાનને સરગાસણ ચોકડીએ ઉતારવા ગયો હતો. સરગાસણ ચોકડી મહેમાનને ઉતારીને નોકરી જવાનો સમય થઈ ગયો હોવાથી બાઈક લઈને સરગાસણ ચોકડીથી ગીફ્ટ સીટી સર્કલ તરફ થઈને અમદાવાદ જવા નીકળ્યો હતો. ગીફટસીટી સર્કલ આવે તે પહેલા રીલાયન્સ સર્કલ પાસે જ લક્ષ્મણના બાઈકને લકઝરીએ જબરદસ્ત ટક્કર મારી દેતા ગમખ્વાર અકસ્માત સર્જાઈ ગયો હતો. ધસમસતી આવતી લકઝરીની ટક્કર બાઈકને લાગતા બાઈક પરથી ઉછળીને લક્ષ્મણ મારવાડી રસ્તા ઉપર પટકાયો હતો. રસ્તા પર પટકાયેલા લક્ષ્મણના માથા ઉપરથી જ લકઝરીનું ટાયર ફરી વળ્યુને તેનુ માથુ ચગદાઈ જતા બનાવ સ્થળ પર જ લક્ષ્મણનુ પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. લકઝરી ડી.એ.આઈ. આઈ. સીટી (ધીરૂભાઈ અંણી ઈન્સ્ટીટ્યુટ)ની



દિવાલમાં ઘુસી જતા દિવાલ પણ તોડી નાંખી હતી. ડ્રાયવર લકઝરી મુકીને ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ પોલીસને થતા ઈન્ફોસીટી પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પીએમ કરાવી ધોળાકુવા ગામના સમીરાજી રામજીભાઈ મેઘવાલની ફરિયાદ આધારે ઉમિયા બસ સર્વિસની લકઝરી નં. જીજે.૦૧. એફ.ટી. ૧૦૯૨ના અજાણ્યા ડ્રાયવર સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

# પેથાપુરમાં ગેરકાયદે બાંધકામ બાબતે નગરજનોમાં ઘેરો રોષ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુરમાં ગેરકાયદે બાંધકામના મુદ્દે તંત્રના ઉદાસીન વલણ સામે નગરજનોમાં રોષની લાગણી જન્મી છે. આ મુદ્દે ગુડા અને નગરપાલિકા દ્વારા એક-બીજાને ખો આપવાની નીતિ સામે શહેરના જ એક નાગરિક અરૂણભાઈ પુરોહિતે રોષ વ્યક્ત કર્યો છે અને જિલ્લા કલેક્ટરને અરજી કરી રાવ માંગી છે.

પેથાપુર નગરપાલિકા આકરણી નં. ૧૦૫૯/૧ સીટી સર્વે નં. ૧૩૧૨માં થઈ રહેલા બાંધકામને લઈને ઠાકોરવાસનો રસ્તો દબાઈ જવા સાથે નિયમોનો પણ ભંગ થઈ રહ્યો છે. ત્યારે સ્થાનિક ઠાકોર સમાજના આગેવાનોએ પણ વાંધો ઉઠાવ્યો છે. જ્યારે સ્થાનિક અગ્રણી અરૂણભાઈ પુરોહીત દ્વારા આ મુદ્દે પેથાપુર નગરપાલિકા તથા ગુડામાં પણ રાવ કર્યા બાદ કલેક્ટરને લેખીત અરજી આપી છે. અરૂણભાઈની અરજી પ્રમાણે પેથાપુર પાલીકાની હદમાં તમામ કાયદા કાનૂન બાજુએ મુકીને ફ્લેટો બાંધવાનું કામ વગર પરવાનગીએ તદન ખોટી રીતે તેમજ જમીનની લંબાઈ પહોળાઈના ખોટા માપ બતાવીને કરવામાં આવી રહ્યુ છે. જગ્યા કરતા વધારે બાંધકામના કારણે રસ્તો દબાઈ રહ્યો છે. આ દિશામાં તપાસ કરીને તાત્કાલીક કાર્યવાહી કરવાની જરૂરી છે. પાલિકા દ્વારા જુના માલીકોને ઓક્ટોબર ૨૦૧૪માં બાંધકામની મંજુરી આપી હતી. પરંતુ ૧ વર્ષમાં બાંધકામ ન થાય તો પરવાનગી રીન્યુ કરાવવી પડે, પરંતુ તે પરવાનગી પણ રીન્યુ કર્યા વગર રીતસર કાયદાનો ભંગ થઈ રહ્યો છે. બિલ્ડર દ્વારા પેથાપુર નગરપાલિકા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ(ગુડા), ડીસ્ટ્રીક્ટ મ્યુનિ. ઓફિસર (ડીએમઓ) કે કલેક્ટર પાસેથી કોઈ પણ જાતની બાંધકામની મંજુરી લેવામાં આવી નથી. પેથાપુર પાલિકાનાં ઓફિસને પણ કાર્યવાહી કરવા અરજી આપવા છતા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ત્યારે કલેક્ટર કક્ષાએથી જ આ દિશામાં કાર્યવાહી થાય તેવી અરજ છે. નવાઈની વાત એ છે કે આટલી દેખીતી ગેરરીતી છતા ગુડા કે પાલીકા કાર્યવાહી કરવા તૈયાર નથી. જે છબીને ખરડી રહી છે.

# મૂનલાઈટ મસ્તી-મેલામાં વિદ્યાર્થીઓએ ગોવા બીચની મજા માણી

## ચિલોડા ખાતેની સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં ગોવા કાર્નિવલ થીમ આધારિત કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના ચિલોડાની સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ખાતે ગોવા બીચની થીમ આધારિત 'મુનલાઈટ મસ્તી-મેલા' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ૩૦મી ડિસેમ્બરે બપોરના ૩ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન પોતાના વાલીઓ સાથે શાળા સંકુલમાં ફન-ફેરનો આનંદ માણ્યો હતો જેમાં ઊંટગાડી અને બળગાડાની સવારીએ આકર્ષણ જમાવ્યુ હતુ. આ ઉપરાંત ફન-ફેરમાં નાની મોટી રાઈડ્સ, વિવિધ ખાણીપીણીના સ્ટોલ્સ તથા ગેમ સ્ટોલ્સ પણ આયોજિત કરાયા હતા.

ફનફેરના સમાપને ૬ વાગ્યા પછી ઢળતી સાંજના સમયે પૂનમના ચાંદનીના અજવાળે ડીજેના તાલે વિદ્યાર્થીઓ મન મુકીને ઝુમ્યા હતા. ત્યારબાદ રાત્રે ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સૌ પ્રથમવાર શાળામાં બોન ફાયરના સથવારે આ કાર્યક્રમમાં ગોવા કાર્નિવલ, વિવિધ ડાન્સ, ગીત-સંગીત, નાટક-અભિનય વગેરેની પ્રસ્તુતિ કરાઈ હતી. આ કાર્યક્રમમાં શાળાના ૬૦૦ જેટલા બાળકોએ મોજ માણી હતી અને યાદગીરી માટે ફોટા પડાવ્યા હતા.



## ગાયત્રી મંદિરને જન ઉપયોગી સાધનોની ભેટ મળી

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૧ના ગાયત્રિ મંદિરને સ્થાનિક નગરસેવક પાયલબેન મેણાતની ગ્રાન્ટમાંથી જનઉપયોગી સાધન સામગ્રી જેવી કે ખુરશીઓ, સિલીંગ ફેન વગેરેની ભેટ મળી છે. આ ભેટને મંદિરના પૂજારી થતા મેનેજરે સ્વીકારી હતી. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ કનુભાઈ પરમાર, મેહુલ સોલંકી, સુશીલભાઈ પરમાર તથા વિજયભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરના આંગણવાડી કેન્દ્રો સ્માર્ટ બનાવવા મનપાની કવાયત

## સવા કરોડથી વધુ ખર્ચ થવાના અંદાજો : આધુનિક રમકડા બેંકથી ભાર વગરના ભણતરની દિશામાં કાર્યવાહી થશે

ગાંધીનગર, તા. ૨

સ્માર્ટ સીટી પ્રોજેક્ટને ધ્યાને રાખી ગાંધીનગર શહેરની તમામ આંગણવાડીઓને સ્માર્ટ આંગણવાડી બનાવવાની દરખાસ્ત મનપાના તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં ૨૩ આંગણવાડી કેન્દ્રો છે જે બધા જ સરકારી મકાનોમાં કાર્યરત છે અને તેને સ્માર્ટ આંગણવાડી કેન્દ્રો બનાવવા પર તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સવા કરોડથી પણ વધુ ખર્ચ થવાનો પ્રાથમિક અંદાજ છે. જેમાં ભાર વગરના ભણતરની સાથે આધુનિક રમકડા બેંક પણ દરેક કેન્દ્ર ખાતે ઉભી કરવાનું આયોજન વિચારણામાં લેવામાં આવ્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં નવી આંગણવાડી બનાવવાની જરૂરિયાત પણ છે અને તે માટે સરકારને મકાનોની ફાળવણી કરવા અલગથી દરખાસ્ત કરવામાં આવી છે.

આંગણવાડી કેન્દ્રોને સ્માર્ટ બનાવવા ઉપરાંત શહેરની વર્તમાન ૩૨ સરકારી પ્રા. શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ બનાવવા અંગે પણ અલગથી દરખાસ્ત કરવામાં આવનાર છે.

ગાંધીનગર શહેર શૈક્ષણિક હબ તરીકે વિકસી રહ્યુ છે ત્યારે સ્માર્ટ આંગણવાડી એ અનિવાર્ય પ્રાથમિકતા બની હોવાથી તંત્રએ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત જ આ યોજનાને કાર્યાન્વીત કરવા માટે મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

# ગાયત્રી પરિવાર દ્વારા સોનારડા-ગલુદણ ખાતે નેત્રનિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૧ ખાતેના ગાયત્રી પરિવાર દ્વારા આગામી તા. ૬ઠ્ઠી અને ૭મી જાન્યુઆરીએ અનુક્રમે જિલ્લાના સોનારડા અને ગલુદણ ગામે વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી મુકી આપવા સુધીની સેવાઓ પ્રદાન કરવામાં આવશે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા સોનારડા તથા ગલુદણ ગામ તથા આસપાસના વિસ્તારના ગ્રામજનોને ગાયત્રી પરિવાર ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ ગોહીલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના કરાટે ખેલાડીઓનું સન્માન કરાયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી રાજવીરસિંહ રાઠોડ અને વિદ્યાર્થીની રીપા પટેલે તા. ૩૧મી ડિસેમ્બરે અમદાવાદના એરપોર્ટ કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ 'ઈસ્કુ ઈન્ટરનેશનલ કરાટે કપ-૨૦૧૭'માં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા કોલેજ પરિવાર દ્વારા અભિવાદન કાર્યક્રમ યોજી તેમનું સન્માન કરવામાં આવ્યું છે.

સંસ્થામાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા રાજવીરસિંહ રાઠોડે આ સ્પર્ધામાં ચાર ગોલ્ડ અને સિનિયર મેન્સ ઓપન કરાટે કપ હાંસલ કર્યો છે. જ્યારે ધો. ૧૧માં અભ્યાસ કરતી રીપા પટેલે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. બંને વિદ્યાર્થીઓએ શાળાને ગૌરવ અપાવતા તેમનુ આચાર્ય પ્રદીપ ગગલાણીએ યોજેલા અભિવાદન કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું.


## જાહેર ટેન્ડર નોટીસ

આથી નીચે દર્શાવેલ બાંધકામ વિભાગના કામ માટે સંબંધિત રજીસ્ટ્રેશન થયેલ એજન્સી દ્વારા નગરપાલિકા કચેરીમાંથી ટેન્ડર ફી. રૂ. ૨૦૦/-ભરી તા. ૩/૧/૨૦૧૮ થી તા. ૯/૧/૨૦૧૮ સુધીમાં મેળવી લઈ તા. ૧૧/૧/૨૦૧૮ સુધીમાં નગરપાલિકા કચેરીમાં ઓફિસ સમય દરમિયાન રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે. નિયત સમય મર્યાદા બાદ અમાન્ય ગણવામાં આવશે. આવેલ ભાવપત્રકો પૈકી કોઈપણ અથવા તમામ ભાવ કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય નામંજુર કરવાના અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત ભાવ |
|---|---|---|
| ૧ | પ્રાંતિજ નગરપાલિકાના જુદા જુદા વિસ્તાર ઓડવાસ, કુંભારવાસ તથા એમ.સી. દેસાઈ હોસ્પિટલ સામો બોર બનાવવાનું કામ. | ૬,૫૭,૦૦૦.૦૦ |
| ૨. | દેવીપુજકવાસ, આંબલાવાસમાં ગટરલાઈનનું કામ | ૨,૪૬,૬૦૨.૦૦ |
| ૩. | વૃંદાવન પાર્ક સોસાયટીમાં રેખાબેન સોલંકીના ઘર પાસે સી. સી. રોડનું કામ. | ૧,૫૦,૦૦૦.૦૦ |
| ૪. | સ્ટાન્ડર્ડ ટેડર્સ પાસે સી.સી. રોડ અને ગટર લાઈનનું કામ. | ૩,૫૦,૧૦૦.૦૦ |
| ૫. | હજામ ચોરા (આયોલાલ જીલેલાલ)ની પાણીની પરબ બનાવવાનું કામ. | ૨,૧૮,૧૮૪.૦૦ |
| ૬. | નવાધરા સી. સી. રોડનું કામ. | ૧,૬૧,૭૧૨.૦૦ |
| ૭. | રાવળવાસ, ઋષીવાસમાં ગરનાળાનું કામ. | ૭,૫૯,૬૦૦.૦૦ |
| ૮. | નારણઘાટ, રાવલવાસ સ્મશાન અને વ્યાયામ શાળામાં માટી નાંખવાનું કામ. | ૩,૯૨,૮૬૮.૦૦ |
| ૯. | પ્રાંતિજ શહેરમાં સુન્ની મુસ્લીમ વ્હોરા એજ્યુ. એન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત સંસ્કાર વિદ્યાલયના નવિન ઓરડાઓના બાંધકામ માટે (સંસદ સભ્ય અહેમદ પટેલનું ફંડ) | ૫,૦૫,૫૦૦.૦૦ |
| ૧૦. | પ્રાંતિજ શહેરમાં સુન્ની મુસ્લીમ વ્હોરા એજ્યુ. એન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત સંસ્કાર વિદ્યાલયના નવિન ઓરડાઓના બાંધકામ માટે (સંસદ સભ્ય - મધુસુદન મિસ્ત્રીનું ફંડ) | ૫,૦૫,૫૦૦.૦૦ |
| ૧૧. | લુહારવાડીથી બજાર ચોક સી. સી. રોડનું કામ | ૪,૭૪,૪૦૧.૦૦ |

(વિશાલ પટેલ) મુખ્ય અધિકારી પ્રાંતિજ નગરપાલિકા
(પ્રહલાદભાઈ પ્રજાપતિ) ચેરમેન વૉટર વર્કસ સમિતિ
(મુકેશભાઈ સથવારા) ચેરમેન બાંધકામ સમિતિ
(દિલીપ રાવળ) ચેરમેન કારોબારી સમિતિ
(નિરવ પરીખ) પ્રમુખ પ્રાંતિજ નગરપાલિકા

જા.નં. ન.પા./બાં.શા./ /૨૦૧૭-૧૮/તા. ૨-૧-૨૦૧૮






## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા અમૃત મહોત્સવ યોજાયો

સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં અમૃત મહોત્સવ-૨૦૧૭ યોજાયો હતો. જેમાં વડીલ ભાઈ-બહેનો અને દંપતિઓનું અનોખા અંદાજમાં સન્માન કરવામાં આવ્યુ હતુ. સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ૭૫ વર્ષ પૂર્ણ કરનાર ભાઈઓ, ૭૦ વર્ષ પૂર્ણ કરનાર બહેનો તેમજ ૫૦ વર્ષ લગ્નજીવનના પૂર્ણ કરનાર દંપતીનું શાલ, ખેસ તેમજ સન્માનપત્ર સાથે ફુલછડી અર્પણ કરી કાઉન્સિલના વરિષ્ઠ સભ્ય તથા મુખ્ય મહેમાન ઈન્દુમતિબેન અમરાવતકર દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ. દંપતી સન્માન વેળાએ કાઉન્સિલની જ બહેનો દ્વારા અગ્નિની સાક્ષીએ એકબીજાને વરમાળા પહેરાવી મંગલાષ્ટકના ગાન કરીને લગ્નનો માહોલ ઉભો કરવામાં આવ્યો જેમાં ઉપસ્થિત સભ્યો ભાવવિભોર થયા હતા. કાર્યક્રમનું સંચાલન મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ એમ. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.